પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૬૨ | ૧૩ મે, ૨૦૧૭, શનિવાર ; વૈશાખ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### શ્રીનગર-લેહ માર્ગ ખુલ્લો કરાયો

શ્રીનગર-લેહ માર્ગ છેલ્લા પાંચ માસથી હીમવર્ષાને પગલે બંધ કરાયો હતો. ગરમીના આરંભ સાથે માર્ગ ઉપર અને આસપાસ છવાયેલો બરફ ધીમે ધીમે ઓગળી જતાં શુક્રવારથી તેને વિધિવત ખુલ્લો કરાયો છે.

### ફુગાવો એપ્રિલ માસમાં સૌથી ઓછો રહ્યો

છુટક ચીજવસ્તુઓનો ફુગાવો એપ્રિલ માસમાં ઘટીને ૨.૯૯ ટકા સુધી પહોચ્યો છે. માર્ચ માસમાં ફુગાવો ૫.૨૯ ટકાના દરે હતો જે ૩.૮૫ ટકા જેલો ઘટી ગયો છે અને ૨.૯૯ ટકાના દરે પહોંચ્યો છે.

# પાકના આતંકી સંગઠનો પર અમેરિકાનો પ્રતિબંધ

## આતંકવાદીઓના નાણાકીય નેટવર્કને તોડી પાડવાનો મુખ્ય ઉદ્દેશ્ય : ભારત સહિત વિશ્વના જુદા જુદા ભાગોમાં હુમલાઓ કરી રહેલા આતંકવાદી સંગઠનોને ખતમ કરવા અમેરિકા સજ્જ : હાફીઝના સંગઠન ઉપર પ્રતિબંધ



નવી દિલ્હી, તા.૧૨

અમેરિકાએ પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદીઓ અને મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ હફીઝ સઈદના સંગઠન જમાત ઉદ દાવા દ્વારા સંચાલિત એક ત્રાસવાદી સંગઠન ઉપર પ્રતિંભ મુકી દીધો છે. આ પ્રતિબંધ આતંકવાદીઓના નેતૃત્વ અને નાણા એકત્રિત કરવાના નેટવર્કને તોડી પાડવાના પ્રયાસરૂપે મુકવામાં આવ્યા છે. પાકિસ્તાન સ્થિત આતંકવાદીઓ અને પાકિસ્તાન સ્થિત ખતરનાક હાફીઝ સઈદ દ્વારા ચલાવાતા સંગઠન ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. અમેરિકાના ટ્રેઝરી ઓફિસ ઓફ ફોરેન અસેટ કંટ્રોલ (ઓએફએસી)ના નિર્દેશક જોન સ્મીથે કહ્યું છે કે આ પ્રતિબંધ લગાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય પાકિસ્તાનમાં સ્થિત નાણાકીય સહાયતા નેટવર્કોને ખતમ કરવાનો છે. આજ નેટવર્કોએ તાલિબાન, અલકાયદા, આઈએસઆઈએસ અને લશ્કરે તોયબાને આત્મઘાતી હુમલાખોરોની મંજુરી અને અન્ય હિંસક ગતિવિધિઓ માટે નાણાકીય સહાયતા ઉપલબ્ધ કરાવી હતી. સ્મીથનું કહેવું છે કે અમેરિકા આતંકવાદી ગતિવિધિઓની સુવિધા ઉપલબ્ધ કરાવનાર સંગઠનો સહિત પાકિસ્તાન અને તેની આસપાસના ક્ષેત્રોમાં રહેલા ત્રાસવાદીઓને આક્રમક રીતે ટાર્ગેટ બનાવવાની પણ ગણતરી કરી છે. લશ્કરે તોયબા, જમાત ઉદ દાવા, તાલિબાન, જમાત ઉલ દાવા અલકુરાન અને ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સિરિયા અને આઈએસઆઈએસ ખોરાસન ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ખોરાસન એક ઐતિહાસિક ક્ષેત્ર છે જેમાં ઉત્તર પૂર્વીય ઈરાનના મોટા હિસ્સા, દક્ષિણી તુર્ક મેનીસ્તાન, ઉત્તરીય અફઘાનિસ્તાન અને

● અનુસંધાન પાન-૭ પર

# ત્રિપલ તલાક - લગ્ન ખતમ કરવાની સૌથી ખરાબ પ્રથા છે : સુપ્રીમ કોર્ટ

## ત્રિપલ તલાકની બંધારણીય કાયદેસરતાના મુદ્દે સુનાવણી વેળા ટિપ્પણી : પાંચ જજની બેચ દ્વારા સતત બીજા દિવસે ત્રિપલ તલાકના મુદ્દા પર સુનાવણી ત્રિપલ તલાક ખૂબ જ ઘૃણાસ્પદ છે : રામ જેઠમલાણી દ્વારા જોરદાર દલીલો

નવી દિલ્હી, તા.૧૨

ત્રિપલ તલાકના મુદ્દા પર સુપ્રિમ કોર્ટમાં હાલમાં સુનાવણી ચાલી રહી છે. ત્રિપલ તલાકની બંધારણીય કાયદેસરતાના મુદ્દા ઉપર સુનાવણી કરી રહેલી સુપ્રિમ કોર્ટે આજે મહત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું હતું કે ઈસ્લામની જુદી જુદી વિચારધારાઓમાં ભલે ત્રિપલ તલાકને કાયદેસર દર્શાવવામાં આવે છે પરંતુ આ લગ્ન ખતમ કરવાના સૌથી ખરાબ સ્વરૂપ અને બિનઈચ્છનીય પદ્ધતિ તરીકે છે. ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા જેએસ ખેહરના નેતૃત્વમાં પાંચ જજની બેચ દ્વારા આજે સતત બીજા દિવસે ત્રિપલ તલાકના મુદ્દા ઉપર સુનાવણી જારી રાખી હતી. કોર્ટે પોતાની આ ટિપ્પણી એ વખતે કરી હતી જ્યારે પૂર્વ કેન્દ્રિય મંત્રી અને વરિષ્ઠ વકીલ સલમાન ખુરશીદે બેચ સમક્ષ કહ્યું હતું કે આ મુદ્દાની ન્યાયિક સમીક્ષાની કોઈ જરૂર નથી. ખુરશીદે એમ પણ કહ્યું હતું કે મુસ્લિમોના લગ્નના નિકાહનામામાં એક શરત ઉમેરીને મહિલાઓ ત્રિપલ તલાકને ના કહી શકે છે. અત્રે નોંધનિય છે કે સલમાન ખુરશીદ આ મામલામાં કોર્ટ માટે એમીકસ ક્યુરીની ભૂમિકામાં છે. કોર્ટે ખુરશીદને એવી ઈસ્લામિક અને બિનઈસ્લામિક દેશોની યાદી આપવા માટે કહ્યું હતું જ્યાં ત્રિપલ તલાક પર

● અનુસંધાન પાન-૭ પર

## આધારને ફરજિયાત કરવા સામે અરજી પર સુનાવણી

નવી દિલ્હી,તા. ૧૨

સુપ્રિમ કોર્ટ સરકારી સ્કીમોના લાભ લેવા માટે આધારકાર્ડને ફરજિયાત બનાવવા કેન્દ્રના જુદા જુદા જાહેરનામાને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી અરજી પર ૧૭મી મેના દિવસે સુનાવણી કરવા સહમત થઈ ગઈ છે. ચીફ જસ્ટીસ જેએસ ખેહરના નેતૃત્વમાં પાંચ જજની બંધારણીય બેચ દ્વારા આ સમગ્ર મામલામાં સુનાવણી કરવામાં આવી રહી છે. ત્રિપલ તલાકની પ્રથાને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી શ્રેણીબદ્ધ અરજીઓ પર સુનાવણી કરી રહેલી આ બેચ આધારના મામલે પણ સુનાવણી કરી રહી છે. વરિષ્ટ વકીલ શ્યામ દિવાને રજુઆત કરી હતી કે આધારનો મામલો ખૂબ જ મહત્વપૂર્ણ છે. જેથી તાકીદના આધાર ઉપર તેમાં સુનાવણી કરવામાં આવે તે જરૂરી છે.













STOCK MARKET LEADER REQUIRED
FOR NEW OFFICE STAF
Equity Dealer : 3, Front Office Asst : 2
1 to 3 Yrs. Experience
Salary Rs.6500 to 15000 + Petrol + Incentive
F-13, Meghmalhar, Sec-11,Opp.CNG Pump, G'nagar.
M. 99747 03401
Mail: bestboi123@gmail.com

